# જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન – ૨, પ્રથમ માળે

જોરાવર પેલેસ સંકુલ, ફોન/ફેક્સ નં ૦૨૭૪૨/૨૫૩૭૬૫

E-MAIL: ddcw-sjed-ban@gujarat.gov.in

ક્રમાંક : જિનાનિ/જાપ્રપ/૨૦૨૬-૨૭/૧૦૨૪ | તા.૦૨/૦૭/૨૦૨૬

<u>ખુબ જ અગત્યનું</u>

<u>:: પરિપત્ર ::</u>

પ્રતિ,

આચાર્યશ્રી (તમામ), મા. અને ઉ.મા. શાળાઓ, બ.કાં.

..........................................................................................

મુ......................., તા........................, જિ. બનાસકાંઠા.

**વિષય:** શાળા મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો ઇસ્યુ કરવા અંગેની દરખાસ્ત મોકલી આપવા બાબત.

**સંદર્ભ:** (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક : સશપ/૧૧૦૯/૬૬૩/અ

(૨) સરકારશ્રીના સા. ન્યાય અને અધિ. વિભાગનો તા.૨૨/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : સશપ/૧૧૦૯/૧૬૬૩/અ

(૩) નિયામકશ્રી, વિ.જા.ક., ગુ.રા., ગાંધીનગરનો તા.૩૦/૦૬/૨૦૨૬નો પત્ર ક્રમાંક : DDCW/0305/06/206

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જુનમાં એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડની પરિક્ષાના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશના હેતુ માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે એક જ સમયે થતા ઘસારાને નિવારવા તેમજ વિદ્યાર્થીઓ તથા વાલીઓને હાલાકીમાંથી બચાવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી ધોરણ-૯, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરિક્ષાના પરિણામ સાથે જ શાળા મારફતે જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પધ્ધતિ સંદર્ભમાં જણાવેલ સરકારશ્રીના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે.

ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માં ધોરણ – ૯, ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને SSC/HSC બોર્ડની પરીક્ષાના પરિણામ પહેલાં ઓગસ્ટ – ૨૦૨૬ સુધીમાં તમામ વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર મળી રહે તે હેતુથી વિદ્યાર્થીઓ પાસેથી નિયત નમૂનાના અરજીફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરીને શાળાઓએ <u>જાતિ પ્રમાણપત્રોની દરખાસ્ત, જરૂરી આધાર પુરાવા સાથે પત્રક-૧ મુજબ નિયત નમુનામાં તૈયાર કરી તા. ૩૧ જુલાઇ, ૨૦૨૬ સુધીમાં શાળાઓએ સબંધિત શાળા વિકાસ સંકુલને અને શાળા વિકાસ સંકુલના વડાએ તા. ૦૫ ઑગસ્ટ, ૨૦૨૬ સુધીમાં તાલુકાની ગ્રામ્ય વિસ્તારની શાળાઓની જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રીને, તાલુકા મથકની શાળાઓની જે તે તાલુકાના મામલતદારશ્રીને અને જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરની શાળાઓની જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.) બનાસકાંઠા, પાલનપુરને મોકલી આપવાની રહેશે.</u>

<u>રાજય સરકાર ધ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની જાતિના ઉમેદવાર હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર આપવા માટે મુખ્યત્વે (૧) મામલતદારશ્રી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૩) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ને અધિકૃત કરવામાં આવેલ છે. જે અન્વયે તા. ૦૫ ઑગસ્ટ – ૨૦૨૬ સુધીમાં ટી.ડી.ઓ.શ્રી, મામલતદારશ્રીઓએ શાળા મારફતની તમામ દરખાસ્તો મેળવી, પૂરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સબંધિત શાળાઓને ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬ સુધીમાં પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ ફરજીયાતપણે સમયમર્યાદામાં પુરી કરવા જણાવવામાં આવે છે. વધુમાં, આપના કાર્યક્ષેત્રની શાળા અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાવર્ગનો કોઇપણ વિદ્યાર્થી જાતિ પ્રમાણપત્રના લાભથી વંચિત ન રહે તેની તકેદારી રાખવા કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.</u>

❖ **<u>દરખાસ્ત તૈયાર કરતી વખતે નીચેની સુચના ખાસ ધ્યાને લેવા વિનંતી</u>**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્ર માટે વિદ્યાર્થીના બોનોફાઇડ ઉપરાંત તેઓના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ થતી હોય તેવા પ્રમાણપત્રની શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ નકલ રજુ કરવાની છે. ઉકત પ્રમાણપત્રમાં વિદ્યાર્થીના પિતાની શાળામાં પ્રવેશ તા.૦૧/૦૪/૧૯૭૮ પહેલાંની ન હોય, તો મોટાબાપા, મોટાફોઇ, દાદા પૈકી કોઇના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ અથવા તેઓની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા તા.૦૧/૦૪/૧૯૭૮ પહેલાંના દસ્તાવેજી પુરાવા રજુ કરવાના રહેશે.

❖ **<u>સંસ્થાએ દરખાસ્ત સાથે નીચે મુજબના આધારો સામેલ કરવાના રહેશે.</u>**

(૧) નિયત અરજી પત્રક (નમુનો સામેલ છે).

(૨) વિદ્યાર્થીનું બોનાફાઇડ સર્ટીફીકેટ.

(૩) વિદ્યાર્થીના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ.

(૪) વિદ્યાર્થીના મોટાબાપા, મોટાફોઇ, દાદા કે પિતરાઇ દાદાના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. (સાથે સબંધ પ્રસ્થાપિત થતો હોય તેવો પુરાવો રજુ કરવો)

(૫) વિદ્યાર્થીના પાસપોર્ટ સાઈઝના બે ફોટા (એક અરજીપત્રકમાં નિયત જગ્યાએ ચોંટાડવાનો રહેશે.)

(૬) રહેઠાણના પૂરાવા માટે રેશનકાર્ડ / લાઈટ બીલ/ આધારકાર્ડની નકલ.

(૭) વિદ્યાર્થી તથા પિતાનો ઓળખના પૂરાવાની નકલ. (આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ)

(૮) વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું નિયત નમૂનાનું પત્રક.

**વિશેષમાં જણાવવાનું કે, ઉપરોક્ત જણાવ્યા મુજબના આધારો યોગ્ય ચકાસીને સબંધિત શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત નકલો સાથે મોકલવાના રહેશે.**

<u>નોંધ :-</u> **<u>છેલ્લા બે-ત્રણ વર્ષના અનુભવે એવું ધ્યાન પર આવેલ છે કે, ઘણી શાળાઓ જાતિ પ્રમાણપત્રની બાબતને ગંભીરતાથી લઈ તેમની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણપત્રો મેળવવાની દરખાસ્ત જે તે કચેરીને કરતી નથી. જેથી વિદ્યાર્થીઓને ધોરણ ૧૦-૧૨ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે સમયસર જાતિ પ્રમાણપત્ર મેળવવામાં તકલીફ પડતી હોય છે. તો આ બાબતને ગંભીરતાથી લઈ આપની શાળાનો કોઈપણ વિદ્યાર્થી જાતિ પ્રમાણપત્રના લાભથી વંચિત ન રહે તેની તકેદારી રાખી તમામ શાળાઓએ તેમની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રોની દરખાસ્ત નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇને તૈયાર કરીને સબંધિત કચેરીઓને સમયસર મોકલી આપવા વિનંતી છે.</u>**

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર

નકલ રવાના :-

(૧) મામલતદારશ્રી (તમામ) .................................. જિ. બનાસકાંઠા.

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી (તમામ) ............................ જિ. બનાસકાંઠા.

ર/- આપના તાલુકાની શાળાઓની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત અન્વયે ૩૧ ઓગસ્ટ – ૨૦૨૬ અંત સુધીમાં જાતિ પ્રમાણપત્ર અપાઈ જાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

નકલ સવિનય રવાના :-

૧. માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.

૨. માન. કલેકટરશ્રી, બનાસકાંઠા, પાલનપુર.

૩. માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર.

## :- બોનાફાઈડ પ્રમાણપત્રનો નમુનો :-

વિદ્યાર્થીનું નામ :-.................................................................................................

વિધાર્થીના પિતાનું નામ :-.................................................................................................

ધોરણ :- ............................................... જ.ર.નં. :-........................................

જાતિ / પેટા જાતિ :-............................................... જન્મ તારીખ :-....................................

જન્મ સ્થળ: મુ. :- ................................ તા.:- .......................... જિ.:.......................

શાળામાં દાખલ તારીખ :-...................................................

તારીખ :- શાળાનું રાઉન્ડસીલ આચાર્યશ્રીનો સહી સિક્કો

સ્થળ :-

---

પત્રક-૧

### :: વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું પત્રક ::

| ક્રમ | ધોરણ | જી.આર. નં. | વિદ્યાર્થીનું નામ | જાતિ / પેટાજાતિ | સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

તારીખ :- શાળાનું રાઉન્ડસીલ આચાર્યશ્રીનો સહી સિક્કો

સ્થળ :-

પાલનપુર ઓફીસ માટે

# પરિશિષ્ટ-૧

ગુજરાત રાજ્ય

ફોટો

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે
જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી ફોર્મ

પ્રતિ
શ્રી જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.)બનાસકાંઠા, પાલનપુર

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિત રીતે પછાત વર્ગની જાતિ પૈકી...................... જાતિમાં મારો સમાવેશ થાય છે. માટે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામાત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભ મેળવવા માટે જાતિપ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજવ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરું નામ/ સરનામું,<br>ટેલિફોન (કોડ નંબર સાથે)/મોબાઈલ નંબર | | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પૂરું નામ | | |
| ૩ | અરજદારની માતાનું પૂરું નામ | | |
| ૪ | અરજદારની જાતિ/પેટા જાતિ | | |
| ૫ | અરજદારનું વતન | | ગામ ...................... તા ..........................<br>જિ ......................... રાજ્ય ....................... |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ/અને | | મૂળ વતન ................ તાલુકોઃ.......................<br>જિ ................. રાજ્ય ......................... |
| ૭ | બહારના રાજ્યના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.) | | |
| ૮ | અરજદારના પિતાની જાતિ/પેટા જાતિ અંગેની માહિતી | | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજૂ કરેલા આધાર / પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત | | (૧)<br>(૨)<br>(૩)<br>(૪)<br>(૫) |

## બાંહેધરી

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપુ છું, જે બાને લઈ મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી, આમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકૃત પધિકારી દ્વારા કોઈપણ સમયે ચકાસણી કરવામાં માવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/નિમણુંક કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ કરવા પાત્ર છે. અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ઘરવામાં આવે તેમને બંધનકર્તા રહેશે.

સ્થળ: પાલનપુર

અરજદારની પુરી સહીઃ

(નામ)................................

તારીખ:- / /

પિતા/માતા/વાલીની પુરી સહીઃ-

(નામ)................................

### જાતી પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના થતા પુરાવા:-

૧. અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકના જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માગી શકશે.

૨. વિવાદસ્પદ /શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય તો જાતિ પુરવાર કરવા માટે તા. ૧/૪/૧૯૭૮ પહેલાંના આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

૩. અન્ય રાજ્યમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાં તા. ૧/૪/૧૯૭૮ કે તે પહેલાંથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજુ કરવાના રહેશે.

૪. રહેઠાણના પુરાવા:- રહેઠાણના પુરાવા તરીકે લાઇટબીલ, ટેલિફોન બીલ, રેશન કાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ , આધાર કાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઈપણ એકની નકલ.

ખાસ નોંધ:-

૧. અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.

### ફક્ત કચેરી ઉપયોગ સારૂ

| | | |
|---|---|---|
| ૧ | પ્રમાણપત્ર માંગનાર અરજદારનું પૂરું નામ | |
| ૨ | જાતિ પેટા જાતિ | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર / તારીખ | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | |

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ/પુરીસહી

સક્ષમ અધિકારીનું પુરુ નામ અને હોદ્દો
અધિકારીની સહી અને સિક્કો